૧૧-૧૨ ઑક્ટોબર દરમ્યાન

# કડી સર્વ વિશ્વવિદ્યાલયનો યુવક મહોત્સવ : સંગત-૨૦૧૨

## ઉદ્‌ઘાટન સમારોહમાં ખ્યાત લેખક જય વસાવડા અને સમાપન સમારોહમાં યુવા નિર્દેશક અભિષેક જૈન ઉપસ્થિત રહેશે

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની સર્વપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયનો યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૨' આગામી તા. ૧૧ અને ૧૨ ઑક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

યુવાઓના માર્ગદર્શક સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે આ યુવક મહોત્સવને પણ આ ઉજવણી સાથે સાંકળીને તેનું થીમ પણ એ જ પ્રકારે નિયત કરાયું છે : યુથોવિઝન એન્ડ સોસાયટી.

ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય અતિથિ તરીકે ખ્યાત લેખક જય વસાવડા અને સમાપન સમારોહના મુખ્ય અતિથિ તરીકે તાજેતરમાં પ્રસ્તુત સફળ ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના નિર્દેશક અભિષેક જૈન ઉપસ્થિત રહેશે.

તા. ૧૧ ઑક્ટોબરના રોજ સવારે ૮.૩૦ કલાકે ઍલડીઆરપી કૅમ્પસથી રેલીનો પ્રારંભ કરવામાં આવશે. યુનિવર્સિટી સંચાલિત સઘળી કૉલેજના વિદ્યાર્થીઓ પોતપોતાના ટૅબ્લો અને વેશભૂષા સાથે આ રેલીમાં જોડાશે. ઉલ્લેખનીય છે કે આ રેલી પણ યુવક મહોત્સવ અંતર્ગતની વિવિધ સ્પર્ધાઓ પૈકીની એક છે.

સૅક્ટર-૨૩ ખાતે સ્થિત નાથીબા હૉલ ખાતે પહોંચી રેલી સભાના સ્વરૂપમાં ફેરવાશે, જ્યાં સવારે ૧૧ વાગે યુવક મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે.

બંને દિવસ કુલ ૨૩ જેટલી સ્પર્ધાઓ બાદ તા. ૧૨ ઑક્ટોબરના રોજ સાંજે ૪.૩૦થી ૬ દરમ્યાન નાથીબા હૉલ ખાતે યુવક મહોત્સવનો પૂર્ણાહુતિ સમારોહ યોજવામાં આવશે.

### સંગત-૨૦૧૨ આયોજિત વિવિધ સ્પર્ધાઓનો નિર્ધારિત કાર્યક્રમ

**પ્રથમ દિવસ; તા. ૧૧ ઑક્ટોબર**

| SKPIMCS C Lawn | નાથીબા હૉલ | SKPIMCS CR4 | કે બી ફાર્મસી | ઍલડીઆરપી સૅમિ.હૉલ (GF) | ઍલડીઆરપી સૅમિ. હૉલ (FF) |
|---|---|---|---|---|---|
| લાઈટ વોકલ ઈન્ડિયન ૧.૩૦થી ૩.૩૦ | ઉદ્‌ઘાટન ૧૧.૦૦થી ૧૨.૦૦ | મિમિક્રી ૧૨.૩૦થી ૩.૦૦ | ગ્રુપ સોંગ ઈન્ડિયન ૧૨.૩૦થી ૫.૩૦ | ડિબેટ ૧૨.૩૦થી ૩.૦૦ | કોલાજ ૧.૦૦થી ૪.૦૦ |
| ક્લાસીકલ વોકલ ૩.૩૦થી ૫.૩૦ | મોનો એક્ટીંગ ૧૨.૩૦થી ૨.૩૦ | ઈલોક્યુશન ૩.૩૦થી ૫.૩૦ | | | પોસ્ટર મેકીંગ ૧.૦૦થી ૪.૦૦ |

**બીજો દિવસ; તા. ૧૨ ઑક્ટોબર**

| SKPIMCS C Lawn | નાથીબા હૉલ | SKPIMCS CR4 | કે બી ફાર્મસી | ઍલડીઆરપી સૅમિ.હૉલ (GF) | ઍલડીઆરપી સૅમિ. હૉલ (FF) |
|---|---|---|---|---|---|
| લાઈટ વોકલ વેસ્ટર્ન ૯.૦૦થી ૧૧.૩૦ | ફોક/ટ્રાઈબલ ડાન્સ ૯.૦૦થી ૧.૩૦ | કાવ્ય પઠન ૯.૦૦થી ૧૨.૦૦ | ગ્રુપ સોંગ વેસ્ટર્ન ૧૨.૩૦થી ૫.૩૦ | ક્વિઝ ૯.૩૦થી ૧૨.૦૦ | ક્લે મોડેલીંગ ૯.૩૦થી ૧૨.૩૦ |
| ક્લાસીકલ ઈન્સ્ટુમેન્ટલ ૧.૩૦થી ૩.૩૦ | માઈમ ૧.૩૦થી ૩.૩૦ | પાદપૂર્તિ ૧૨.૩૦થી ૩.૦૦ | ક્લાસિકલ ડાન્સ ૧.૩૦થી ૩.૦૦ | શીઘ્ર વક્તૃત્વ ૧૨.૩૦થી ૨.૩૦ | ઓન ધ સ્પૉટ પેઈન્ટીંગ ૯.૩૦થી ૧૨.૩૦ |
| | સમાપન સમારોહ ૪.૩૦થી ૬.૦૦ | | | | રંગોળી ૧.૦૦થી ૩.૩૦ કાર્ટૂનીંગ ૧.૦૦થી ૩.૩૦ |

## ચોમાસાના વિરામ બાદ આજથી પુસ્તક પરબ પુનઃ આરંભાશે

ગાંધીનગર, તા. ૬

ચોમાસાના વિરામ બાદ જી ઈ ક્લબ સંચાલિત 'પુસ્તક પરબ' આવતીકાલથી પુનઃ આરંભ પામી રહી છે.

પાણીની પરબની માફક પુસ્તકોની પરબ માંડવાની સેવા જી ઈ ક્લબ દ્વારા વર્ષોથી કરવામાં આવે છે. દર રવિવારે જાહેર જગ્યાએ આ સંસ્થાના યુવાનો પુસ્તકો લઈને ઊભા રહે છે અને જે કોઈપણ વ્યક્તિને પુસ્તક વાંચવા માટે જોઈએ તેને કોઈપણ પ્રકારનો ચાર્જ વસૂલ્યા વિના પુસ્તક વાંચવા આપે છે. વાચક ઈચ્છે તો પુસ્તક એ જ સ્થળે વાંચી શકે છે અને ચાહે તો સપ્તાહ માટે પોતાના ઘરે પણ લઈ જઈ શકે છે.

ક્લબને આ પ્રવૃત્તિ માટે નગરજનો તરફથી પુસ્તકો પણ ઘણી મોટી સંખ્યામાં દાનમાં મળે છે.

આવતીકાલે સવારે ૯થી ૧૧ દરમ્યાન સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી, સૅક્ટર-૭ સી પાસે આ પુસ્તક પરબ માંડવામાં આવશે. સાહિત્ય અને વાચનમાં રસ ધરાવતા સૌ કોઈને આ પરબનો લાભ લેવા ક્લબ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શાળાઓને ફાયર સેફ્ટી ઉભી કરવા માટે પરિપત્ર

અમદાવાદ, તા. ૬

ગુજરાત શિક્ષણ વિભાગના આદેશના પગલે શહેર જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) દ્વારા પરિપત્ર કરી તમામ શાળાઓને ટૂંક સમયમાં ફાયર સેફ્ટી ઉભી કરવાનો આદેશ કરવામાં આવતા શાળા સંચાલકોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જોકે પરિપત્રમાં મુદત નહીં દર્શાવી છટકબારી માટે રસ્તો ખુલ્લો રાખ્યો છે.અમદાવાદ શહેર સહિત રાજ્યની મોટાભાગની શાળાઓમાં ફાયર સેફ્ટીનો અભાવ છે. શાળા સંચાલકોને વારંવાર ધ્યાન દોરવા છતાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેના પગલે શિક્ષણ વિભાગે તમામ ડીઈઓને કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

# ઝાલાવાડ પ્રાથમિક શાળામાં વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર તા.૬

દહેગામ તાલુકાના ઝાલાવાડ પ્રાથમિક શાળામાં વ્યસન મુક્તિનો કાર્યક્રમ યોજાયેલ હતો. વ્યસનથી સમાજ બરબાદ થાય છે અનએ વ્યસન એ અશાંતિનું કારણ છે એવી બાબતો આ કાર્યક્રમના માધ્યમથી ઉજાગર કરવામાં આવી હતી. જેમાં શ્રી જે.એમ. ઠાકોર મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝ એમ.ટી. પટેલ, આચાર્ય જિંડવા પગાર શાળા, ચેતનાબેન ઠાકોર ઝાલાવાડા પ્રાથમિક શાળા સમિતિના અધ્યક્ષ અતુલભાઈ ચૌધરી ઝાલાવાડ પ્રાથમિક શાળા, સી.આર.સી. જિડવા, વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આભાર વિધિ રાજેશગીરી ગૌસ્વામીએ કરેલ હતી. અતુલભાઈ ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ હતું.

# આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા આસો માસની શાશ્વતી આયંબીલની ઓળી થશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સેક્ટર-૩-ડી દ્વારા જણાવાયું છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો માસની શાશ્વતી આયંબીલની ઓળી કરાવાશે.

આસો માસની શાશ્વતી આયંબીલની ઓળીનો કાયમી લાભ મંજુલાબેન શાહ અને જ્યોતિબેન શાહે તથા શ્રી ઝવેરી હઠીસીંગ ગોપાલજીના હસ્તે રસિકલાલ ઝવેરી અને પૂત્રવધૂ કુંદનબેન ઝવેરીએ લીધો છે. આસો માસની શાશ્વતી આયંબીલની ઓળીની શરૂઆત આસો સુદ સાતમને રવિવારે તા. ૨૧મી ઓક્ટોબર-૨૦૧૨થી થશે અને તેની પૂર્ણાહુતિ આસો સુદ પૂનમને સોમવારે તા. ૨૯મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ થશે. આસો વદ એકમને તા. ૩૦મી ઓક્ટોબર-૨૦૧૨ને મંગળવારે સવારે ૮.૩૦ કલાકે ઓળીના તપસ્વીને પારણા કરાવવામાં આવશે. આયંબીલનો સમય દરરોજ સવારે ૧૦.૩૦થી ૧.૩૦ કલાકનો રાખવામાં આવ્યો છે. સંઘ તરફથી આયંબીલની ઓળી કરવાનો લાભ સમસ્ત ગાંધીનગરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના સભ્યોને લેવા ખાસ જણાવાયું છે.

વધુમાં જણાવ્યું છે કે, આયંબીલની ઓળી તથા છૂટક આયંબીલ કરવાની ભાવનાવાળા તપસ્વીઓએ જરૂરી વ્યવસ્થા કરવાની અનુકૂળતા રહે અને તપસ્વીઓની સગવડ સાચવી શકાય તે માટે પોતાના નામ અગાઉથી નોંધાવી દેવા આયોજકોએ ખાસ વિનંતી કરી છે.

આસો સુદ પૂનમને ૨૯મી ઓક્ટોબરે નવપદજીની પૂજા ભણાવવામાં આવશે. જેનો લાભ પારૂલબેન જયેશભાઈ છક્કડદાસ શાહે લીધો છે. પૂજા મંડળની બહેનો ભણાવશે. ઓળી દરમિયાન શ્રીપાળ રાજાના રાસનું વાંચન સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન ઉપાશ્રયમાં થશે.

# એપોકેલીપ્સ-૨૦૧૨માં ફાર્મસીના ૫૦૦ સ્ટુડન્ટસ કૃતિઓ રજૂ કરશે

## સર્જનાત્મક અને સ્પર્ધાત્મક વિવિધ ૯ ઈવેન્ટસમાં રાજયની ૨૨ કોલેજો ભાગ લેશે

ગાંધીનગર, તા.૬

સે-૨૩ કડી કેમ્પસ સ્થિત, કે.બી. ઈન્સ્ટીટયૂટ ઓફ ફાર્માના વિદ્યાર્થીઓ દ્વારા સતત ત્રીજા વર્ષે 'ક્ષિતિજની પાર' (એપોકેલીપ્સ-૨૦૧૨) અન્વયે તા. ૮ અને ૯ ઓકટોબર દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ ક્રિએટીવ અભિગમ અપનાવવાની સાથે તેમની આંતરિક શકિત નિખારી શકે તેવા આશયથી કોલેજના કલાસરૂમથી દૂર રહી કાંઈ વિશેષ કરવાના ભાગરૂપે આ ઈવેન્ટની તૈયારી કરવામાં આવી છે. રાજયની ૨૨થી વધુ ફાર્મસી કોલેજના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ ૧૦ ઈવેન્ટસમાં ભાગ લેશે.

કડી કેમ્પસની કે.બી. ઈન્સ્ટીયુટ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક અને સર્જનાત્મક અભિગમ કેળવવા 'એપોકેલીપ્સ' શીર્ષક અન્વયે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ અંગે માહિતી આપતા સંસ્થાના ડાયરેકટર એ.કે. શુકલા તેમજ જી.બી. શાહે જણાવ્યું હતું કે રાજયકક્ષાની આ ઈવેન્ટમાં રાજયની ૨૨ ફાર્મસી કોલેજના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ દરમિયાન માસ્ટર માઈન્ડ, ગૃપ ડીસ્કશન, બોલ ફાર્મા બોલ, ફાર્મા મોડલીંગ, કોર્પોરેટ વોક સહિત વિવિધ ૯ જેટલી સ્પર્ધાઓ યોજવામાં આવશે. આ તબક્કે વિદ્યાર્થીઓ દ્વારા કલીનીકલ રીસર્ચ, એનિમલ રીસર્ચ સહિતના વિષયો સંદર્ભે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આશે. આ ઉપરાંત કવીઝના સેશનમાં ફાર્મસી સહિત જનરલ નોલેજ અંગે પ્રશ્નોત્તરી કરવામાં આવશે. ફાર્મા મોડલીંગમાં પણ વિદ્યાર્થીઓ પોતે શોધેલા નવા મોડલ્સ રજૂ કરશે. બે દિવસીય આ સ્પર્ધા તા. ૮મીએ સે-૧૭ ટાઉનહોલમાં તેમજ તા-૯ ઓકટોબરે કડી કેમ્પસ ખાતે યોજવામાં આવશે. પ્રત્યેક સ્પર્ધામાં ત્રણ નિર્ણાયકોની ટીમ સેવા આપશે.

# ગોઝારીયા આદર્શ કન્યા પ્રાથમિક શાળામાં 'સપ્તાહ રંગરંગીલું' કાર્યક્રમ યોજાયો

ગોઝારીયા, તા. ૬

મહેસાણા જિલ્લાના ગોઝારીયા ગામે આવેલી શ્રી ગોઝારીયા આદર્શ કન્યા પ્રાથમિક શાળામાં તાજેતરમાં સપ્તાહ રંગરંગીલુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળાના આચાર્ય રાકેશભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ ગોઝારીયા આદર્શ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૧૫ થી ૨૨મી સપ્ટેમ્બર સુધી સપ્તાહ રંગરંગીલુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિવિધ ૧૯ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધામાં વિજેતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્પર્ધકને શાળા તરફથી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. સી.આર.સી. કો. ઓર્ડિનેટર સુનિલભાઈ પટેલ તથા આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ગીતાબેન વાઘેલાએ કર્યું હતું.



# સંગીતમાં નવી ચેતના જગાવનાર મહર્ષિ પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે

**સંગીત દર્શન**
- ડો. ગૌરાંગ ભાવસાર

સંગીચ એતો એક અનોખી કલા છે. ગાનાર અને સાંભળનાર બંનેને મુગ્ધ કરે એવી સાચું સંગીત જીવનને ધન્ય બનાવે છે. એ કલાના સાધક-સાધિકાના બહ્મનાં પરમ ઉપાસક હોય છે. એમનો આત્મા સંગીત સાથે ઓતપ્રોત થાય છે ને એ સંગીતસિદ્ધિ દ્વારા જીવન સાફલ્યને વરે છે. તેથી જ આ ક્ષેત્રનાં કલાકારો સ્વામીનીઓના જીવન ખરેખર જાણવા જેવાં છે. એમની સંગીત સિદ્ધિનો ઈતિહાસ વિવિધ રંગે રંગાયેલો છે.



ભારતીય સંગીતનો મૂળ ગ્રંથ સામવેદ મનાય છે. વૈદિકકાળથી જ ભારતીય સંગીતની અશુણ્ણ પરંપરા ચાલી આવે છે. પરંતુ મધ્યયુગમાં સંગીતની અસ્મિતાનીએ પાવન ધરાને રાજા-મહારાજા, જમીનદારો, નવાબોની માદક મદદહોશી અને સ્વ મનોરંજન દ્વારા મલિન કરી નાખથી હતી. એ અંધકાર ભર્યા યુગમાં સંગીતકલા કુંઠિત બનીને કેવળ મનોરંજન અને અર્થોપાર્જનનું સાધન બની ગઈ હતી. સમાજનો પ્રતિષ્ઠિત વર્ગ સંગીતને હીન સમજીને એનાથી દૂર ભણતો હતો. એવા એ અંધકારભર્યા યુગમાં ભારતીય સંગીત ક્ષેત્રે ક્રાંતિકરીને સંગીતમાં જગદ્‌ગુરૂનું સ્થાન પ્રાપ્ત કર્યું એવા યુગ પ્રવર્તક પં. વિષ્ણુનારાયણ ભાતખંડે અને પં. વિષ્ણુ દિગમ્બર પલુસ્કર નામના બે વિષ્ણુઓનો જન્મ થયો. આ બંનેના અથાગ પરિશ્રમથી, નિર્ભયતાથી, સેવા ભાવના અને પ્રભાવી વ્યક્તિત્વને કારણે સંગીતની ક્રિયાત્મક અને શાસ્ત્રીય શૈલીમાં પરિવર્તન થયું. સંગીત ફરી એકવાર પરમ વંદનિય બનીને ઘર ઘર સુધી વિસ્તરી શક્યું.

આવા મહાન સંગીતજ્ઞ પૈકી અહીં પં. વિષ્ણુનારાયણ ભાતખંડેજીના જીવન-કવન વિશે થોડુંક વાંચક મિત્રો માટે માહિતી આપવાનો વિનમ્ર પ્રયત્ન છે.

પં. ભાતખંડેનો જન્મ ૧૦ ઓગષ્ટ ૧૮૬૦માં મુંબઈના વાલકેશ્વર વિસ્તારમાં એક શિક્ષિત મરાઠી બ્રાહ્મણ પરિવારમાં થયો. આમ તો વ્યવસાયે તેઓ વકિલ હતા. પણ પં.ને બાળપણથી જ સંગીતનો ભારે શોખ. સ્વર, તાસ અને રાગની મધુરતામાં તેઓ લીન થઈ જતાં. તેઓએ પદ્ધતિસરનું સંગીત શીખવાની શરૂઆત કરી. ધીરે ધીરે સંગીત પ્રત્યેની એમની રૂચિ ભક્તિમાં પરિવર્તિત થઈ ગઈ અને સંગીત શિક્ષકમાં તેઓ પૂર્ણતઃ ડુબી ગયા. જેમ જેમ અભ્યાસ કરતા ગયા તેમ તેમ એમનું સંગીત પ્રેમી હૈયુ શાસ્ત્રીય સંગીતના બેહાલ જોઈને તથા ઉસ્તાદો અને પંડિતોના ટૂંતા ભંડોળિયા જ્ઞાનને કારણે સંગીતશાસ્ત્રના થયેલા હાલહવાલ જોઈને દુભાતું ગયું. આવી પરિસ્થિતીમાં તેઓએ સંગીતના ક્રિયાત્મક અને શાસ્ત્રીયપક્ષને સુવ્યવસ્થિત કરવાનો દઢ નિશ્ચય કર્યો અને પોતાની વકિલાત છોડીને સંગીતની સેવામાં પોતાનું જીવન અર્પણ કરવાનો નિર્ણય કર્યો.

ઈ.સ. ૧૯૦૪થી એમણે ઐતિહાસિક સંગીતયાત્રાનો આરંભ કર્યો. ભારત ભ્રમણ કરીને સંગીત સંબંધી સાહિત્યની ખોજ કરી. ઉસ્તાદો અને પંડિત ગાયક- વાદકો પાસેથી જુદાજુદા ઘરાનાઓનું ગાયન-વાદન સાંભળ્યું. એ ઉસ્તાદો પાસેથી પદ્ધતિસર સંગીતની તાલીમ લીધી અને પોતે શોધેલી સરળ સ્વરલિપિમાં એ બંદિશોને લિપિબદ્ધ કરી. તેઓએ સ્વર માલિકા નામની પુસ્તિકામાં વિવિધ રાગોના સરગમ ગીતોની બંદિશો લિપિબદ્ધ કરીને પ્રકાશિત કરી. સાથે રાગનું શાસ્ત્ર, આરોહ-અવરોગ, મુખ્ય સ્વર- સમય- વાદી- સંવાદી- વિવાદી- અનુવાદી- સ્વરોની માહિતી સાથેના લક્ષણ ગીતોની રચના કરી જેથી રાગોના સ્વરૂપને સમજવા તથા શીખવામાં નવા વિદ્યાર્થીઓને સરળતા થઈ. તેઓના દ્વારા બનાવેલી સ્વરલિપિ અને તાલલિપિ અત્યંત સરળ હોવાથી તે ખૂબ જ લોકપ્રિય થઈ આજે સંપૂર્ણ ભારતવર્ષમાં તેઓ દ્વારા બનાવેલી સ્વર-તાલલિપિ પ્રચારમાં છે.

સન ૧૮૭૦માં મુંબઈમાં શ્રી કેખશરૂ કાબરાજીએ શરૂ કરેલી ગાયન ઉત્તેજક મંડળી સંગીત સંસ્થામાં પંડિતજી ઈસ ૧૮૯૦માં સભ્ય તરીકે જોડાયા. ત્યારબાદ સંગીત શિક્ષક તરીકે સેવા આપવાની શરૂઆત કરી. ઈસ ૧૯૦૪માં આ સંસ્થા દ્વારા પંડિતજીનું સરગમ ગીતો ઉપર આધારિત પુસ્તક 'સ્વરમાલિકા' પ્રકાશિત થયું. પંડિતજીએ આ પુસ્તક મંડળીના શ્રી ખરશેદજીને અર્પણ કર્યું હતું. આ પુસ્તકની બીજી આવૃત્તિ ઈસ ૧૯૧૫માં અને ત્રીજી આવૃત્તિ ઈસ ૧૯૧૯માં પ્રકાશિત કરવામાં આવી.

ત્યારબાદ લક્ષણગીતોનું પણ પુસ્તક પ્રકાશિત થયું. પંડિતજીએ સંગીતના ક્રિયાત્મક પ્રાસને સુવ્યવસ્થિત કરવા 'ક્રમિક પુસ્તક માલિકા' નામના છ વિશાળ ગ્રંથોનાં ૨૦૦૦ જેટલાં પૃષ્ઠોમાં, ૨૦૦ રાગોની અનેક ઘરાનેદાર બંદિશોને પોતે શોધેલી નોટેશન પદ્ધતિમાં લિપિબદ્ધ કરવાનું ભગીરથ કાર્ય કર્યું. પં. ભાતખંડેજી સંગીતકલા ઉપરાંત કાવ્ય કરવામાં પણ કુશળ હતા. ક્રમિક પુસ્તક માલિકામાં સંકલિત અનેક બંદિશોના કેટલાક રાગોમાં કાવ્યોની રચના એમણે પોતે 'ચતુર પંડિત' ઉપનામે કરી છે.

કેટલીયવાર તો એમણે ઘરાનેદાર ઉસ્તાદો પાસે શિષ્યત્વ ગ્રહણ કરીને કાયદેસરની સંગીત તાલીમ મેળવી. વિશેષ કરીને રામપુર દરબારના દરબારી કલાકારો પાસેથે એમણે સંગીતશાસ્ત્રનું ગહન અધ્યયન કર્યું. રામપુરના નવાબ હામિક અલી ખાં સંગીતજ્ઞ હતા. તેમનું શિષ્યત્વ પંડિતજીએ ગ્રહણ કર્યું. આ ઉપરાંત નવાબ હૈદર અલી ખાં છમ્મનખાં પાસેથી પણ સંગીતની તાલીમ લીધી. આ ઉપરાંત સંગીતના અનેક વિષયો તથા રાગ-તત્ત્વોના ભેદો પર પણ ખૂબ ચર્ચા વિચારણા કરી.

પં. ભાતખંડેજીએ મરાઠી ભાષામાં 'હિન્દુસ્તાની સંગીતપદ્ધતિ' નામનું પુસ્તક ચાર ભાગોમાં પ્રકાશિત કર્યું છે. જેમાં તેમણે સંગીતના શાસ્ત્રીય યજ્ઞનું પ્રાચીન શાસ્ત્રોના આધારે તથા વિદ્વાનો સાથે ચર્ચા કરીને પુનઃગઠન અને નવસર્જન કર્યું. આ ક્ષેત્રમાં એમનું સૌથી મહત્ત્વનું પ્રદાન થાટ પદ્ધતિ દ્વારા રાગોનું વિભાજન છે. રાગોના વર્ગીકરણ માટે રાગ-રાગિણી પદ્ધતિ દૂર કરીને દક્ષિણ ભારતીય સંગીતના પં. વ્યંકટમુખીની થાટ પદ્ધતિનો અપનાવી તથા શુદ્ધ થાટ બિલાવલને પ્રથમ થાટ માન્ય કરીને કુલ દસ થાટમાં સર્વે પ્રચલિત-અપ્રચલિત રાગોનું વર્ગીકરણ કરવાનો એમણે અનોખો પ્રયાસ કર્યો.

આ ઉપરાંત એમણે સંસ્કૃત ભાષામાં 'લક્ષ્ય સંગીત' અભિનવ રાગ મંડરી તથા શ્રીમલ્લક્ષય સંગીતમ્ જેવા ગ્રંથો લખીને પ્રાચીન સંગીતની વિશેષતાઓ અને એમના સમયમાં સંગીતમાં ફેલાયેલી ભ્રાન્તિઓ પર પ્રકાશ પાડ્યો છે. પં. ભાતખંડેજીના તમામ પ્રકાશનો હિન્દી, અંગ્રેજી તથા અનેક પ્રાદેશિક ભાષામાં અનુવાદ થયો છે, જે એક મહત્ત્વની બાબત છે. ઈસ ૧૯૧૬માં તેમણે વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના પ્રમુખપણા હેઠળ એક અખિલ ભારતીય સંગીત સંમેલન તથા સંગીત ગોષ્ઠિનું આયોજન કર્યું. દેશભરના સંગીતજ્ઞોએ આ સંમેલનમાં ભાગ લીધો. આ ભારતનું સૌપ્રથમ સંગીત સંમેલન હતું. ત્યારબાદ બીજું સંમેલન દિલ્હીમાં, ત્રીજું બનારસમાં અને ચોથું લખનૌમાં પંડિતજીની અધ્યક્ષતામાં યોજાયું. વડોદરાના સંમેલનમાં પંડિતજીએ જે મહત્ત્વપૂર્ણ ભાષણ કર્યું તે 'અ શોર્ટ હિસ્ટોરિકલ સર્વે ઓફ ધ મ્યુઝીક ઓફ અવર ઈન્ડિયા' નામના એમના અંગ્રેજી પુસ્તકમાં ગ્રંથસ્થ છે.

ઈસ ૧૯૧૬માં લખનૌમાં તેમણે મોરિસ મ્યુઝીક કોલેજની સ્થાપના કરીને હાલ ભાતખંડે કોલેજ ઓફ મ્યુઝીકના નામે પ્રસિદ્ધ છે. તે ઉપરાંત ગ્વાલિયરમાં માધવ સંગીત મહાવિદ્યાલયની સ્થાપના કરી. આમ તેઓના અથાગ પરિશ્રમ દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીતની સંપૂર્ણ કાયાપલટ થઈ ગઈ. સંગીતમાં રહેલી અસમંજસતાઓ દૂર થઈ અને સંગીતને નવજીવન મળ્યું. ભારતીય સંગીત ક્ષેત્રે સંગીતના આ મહાન મહર્ષિનું યોગદાન અમૂલ્ય જ નહીં, પરંતુ અતુલ્ય કહી શકાય એવું છે. ભારતીય શાસ્ત્રીય સંગીત એમનું સદા-સર્વદા ઋણી રહેશે.

પં. ભાતખંડેજીના પ્રમુખ શિષ્યોમાં શ્રી શ્રીકૃષ્ણ નારાયણ ચતાંજનકરનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. ગુરુના પગલે ચાલીને પં. ચતાંજનકરજીએ પણ સંગીતના ક્રિયાત્મક અને શાસ્ત્રીય યજ્ઞની તથા મોરિસ કોલેજના પ્રિન્સીપાલ તરીકે સંગીતના શિક્ષણપક્ષની ઉત્તમ સેવાઓ કરી છે.

સંગીતના એ યુગ પુરુષનું સન ૧૯૩૬ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખે ગણેશ ચતુર્થીના દિને દેહાવસાન થયું. પણ એમનાં બહુમૂલ્ય કાર્યોનાં પરિણામે સંગીત જગતમાં એક નવી ચેતના અને નવા યુગનો પ્રારંભ થયો છે. આવો, આપણે સૌ આવા મહાન સંગીતજ્ઞને સાચી શ્રદ્ધાંજલી આપી તેમનાં કાર્યોને આત્મસાત કરવાનો પ્રયત્ન કરીએ. જય સંગીત.